Volume-2, Issue-8, August-2015 ISSN: 2349-7637 (Online)

**RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)**

Research Paper

Available online at: www.rhimrj.com

# સ્ત્રીઓની જાતીય કનડગતઃ એક વૈશ્વિક સમસ્યા

## (Sexual Harrassment of Women: A Global Problem)

Dr. Dimpal T. Raval
Assistant Professor,
Dept. of Law,
Raksha Shakti University,
Ahmedabad, Gujarat (India)

---

**૧. પ્રસ્તાવનાઃ**

કામનાં સ્થળે સ્ત્રીઓની જાતીય સતામણી સમગ્ર વિશ્વફલક પર વર્ષોથી સળગતી સમસ્યા બની ગઇ છે. સમાજ આવા બનાવોને ઢાંકી રાખવા માટે સતત પ્રયત્નશીલ રહ્યો છે. લગભગ બધે જ આવી કનડગત પુરુષોથી કરાય છે અને મહિલાઓ વડે તે વેઠી લેવાય છે. મેનેજમેન્ટ તે પ્રત્યે આંખમિચામણા કરે છે અને કોઇ તેનો વિરોધ ઉઠાવવા આગળ આવતુ નથી. જો સ્ત્રીનોકર, વશ ન થાય તો તેને નોકરીમાંથી દૂર કરવાની ધમકી પણ આપે છે. સેક્સુઅલ હેરેસમેન્ટ ફક્ત એક્ઝિક્યુટીવ ઓફિસોમાં જ નહીં, પરંતુ સુકા ખેતરોમાં, શિક્ષણધામથી લઇને મનોરંજનનાં સ્થળો સુધી અને બધા જ ક્ષેત્રો, ધંધા, ઉધોગો, તથા વેપાર અને ઉત્પાદનનાં સ્થળોએ પણ દેખા દે છે. ઉચ્ચ શિક્ષણ પામેલી, નિરક્ષર, ઓફિસ કર્મચારી, મહેનતકશ, વ્યવસાયિક અને ઘરકામ કરનારી એવી દરેક મહિલા જાતિય સતામણીનો ભોગ બને છે. વિદ્યાર્થીનીઓ પણ બાકાત નથી. આમ હોવા છતાંય મહિલાઓ તે ચૂપચાપ વેઠી લે છે કે નોકરી અભ્યાસ છોડી દે છે. વળી, જ્યારે તેની સામે અવાજ ઉઠાવાયો છે ત્યારે તેનો ગલલિયા કરાવે તેવા અખબારી વર્ણનો માટે ઉપયોગ કરાયો છે કારણ કે અખબાર માટે પણ દુષ્કર્મનો વિષય શ્રેષ્ઠ ગણાય.

જાતીય સતામણીની સમસ્યા ફક્ત ભારતની જ નથી સમગ્ર વિશ્વની આ સમસ્યા છે. " ધ ન્યૂયોર્ક રિવ્યુ ઓફ બુક્સ" નાં ૦૫-૦૨-૨૦૧૫નો મુજબ ત્યાંની કોલંબીયા યુનિવર્સિટીની હાઇસ્કુલમાં ભણતી દીકરીઓએ સરઘસ કાઢ્યું અને હાઇસ્કુલનાં શિક્ષકો અને ટીનેજર-વિદ્યાર્થીઓ સ્કૂલની છોકરીઓને રેપ કરે છે તેનો વિરોધ કર્યો હતો.

ગેટસ્ટોન ઇન્સ્ટિટ્યૂટ નામની નારિવાદી સંસ્થાએ લખ્યુ છે કે લંડનમાં એક રેડિયો સ્ટેશનમાં મેડમ પ્રોગ્રામ માસ્તર એ એક બિન એશિયનને વિનંતી કરી હતી કે તેની ચૌદ વર્ષની દિકરીને તેની દાદી દાદાનાં ઘરે મૂકી આવે અને સૂચના કરી હતી કે લંડનમાં ટેક્સીઓમાં ચાલીસ ટકા મહિલા ડ્રાઇવરો છે તે મહિલા ડ્રાઇવરવાળી ટેક્સી ભાડે રાખે. લંડનનાં ગોરા ટેક્સીવાળા તો સ્કૂલની ટીનેજર ૧૧-૧૨-૧૭ વર્ષની છોકરીઓને જ પકડે છે. લંડનમાં અમુક ગેંગો આસિસ્ટન્ટ ગુંડા રાખે છે જે નાની છોકરીને પ્રથમ પોતે રેપ કરે પછી તેને ફોસલાવીને ગુંડા પાસે લઇ જાય. લંડનમાં દર વર્ષે ૧૧૨૫ રેપ થાય છે. પરંતુ બીબીસી પ્રમાણે ખરેખરો આંકડો ૧૨૦૦૦ ઉપર છે. અરે માન્ચેસ્ટરના ગોરા ટેક્સીવાળા તો સ્કૂલના રૂપાળા ચોકરા કે રૂપાળા વયસ્ક પેસેન્જરને પણ છોડતા નથી.

જગતભરમાં થતા રેપ વિષે તાજું સર્વેક્ષણ મળ્યુ છે (૧) ન્યૂયોર્ક ટાઇમ્સ કહે છે કે, યુનિવર્સિટી હેઠળની મિશ્ર સ્કૂલોની ટીનેજર છોકરીઓને રેપ કરાય છે... અરે ટેક્સાસ રાજ્યનાં હ્યુસ્ટન શહેરના પોલીસ ઓફિસરોએ ૬૬૦૦ જેટલા બળાત્કારોને હેન્ડલ કરતી ફાઇલ તૈયાર કરી છે. એ બધાના ડીએનએ વગેરે તપાસવામાં ત્રણ-ત્રણ દાયકા લાગ્યા છે. રેપ ભારતનો નહીં પશ્ચિમનો વધુ રોગચાળો છે. (૨) ન્યુયોર્ક રીવ્યુ ઓફ બુક્સનાં (૫-૨-૨૦૧૫) કહેવા પ્રમાણે, રૂટગર યુનિવર્સિટીની ઓફિસમાં વાયોલંન્સ પ્રિવેન્શન આસીસ્ટન્ટ નામની ઓફિસ રાખવી પડી છે. એટલા માટે કે, એમ્મા સુલ્કોવીઝ નામની સીનીયર હાઇસ્કૂલ - વિદ્યાર્થીનીએ ફરિયાદ કરી કે તેની સાથે ભણતા તેના કહેવાતા મિત્રે જ તેને રેપ કરી હતી. (૩) અમેરિકાની હાઇસ્કૂલોની વિદ્યાર્થીનીએ કોલેજમાં આવે ત્યારે જ કબુલ કરે છે કે, તેમાંની ૨૦ ટકાને તો કોલેજમાં આવી ત્યાં સુધીમાં સ્કૂલનાં છોકરાએ રેપ કરેલી છે. આમાંથી અમેરિકનો છતાં માત્ર ૫ ટકા જ પોલીસમાં ફરિયાદ કરે છે. આજે અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન અમેરિકાની ૮૪ હાઇસ્કૂલોમાં ટીનેજર વિદ્યાર્થિઓને રેપ કરાઇ તેની ફરિયાદની તપાસ કરે છે. (૪) નોર્વેના ઓસ્લો દેશના ગોરા મેયરે પોતાનું નોર્વેનું તૂત ચલાવ્યું છે કે, નોર્વેના ઓસ્લો શહેરમાં તો ૪૩ વર્ષની સ્ત્રીને પણ રેપ કરાઇ હતી અને એ બળાત્કાર એક મુસ્લિમે કર્યો હતો.. ન્યુયોર્ક ટાઇમ્સે ૨૪-૧૦-૨૦૧૧ના અંકમાં ચોખ્ખુ લખ્યું છે કે, નોર્વેમાં સ્ત્રી-પુરુષ સમાનતાના બણગા ફૂંકાય છે, પણ નોર્વેમાં પત્નીઓ સેક્સ ન ઇચ્છતી હોય તો તેને રેપ કરાય છે. તેનું કારણ છે ૯૦ ટકા નોર્વેજીયન પુરુષો ઘરે બાળકોને સાચવ છે અને રસોઇ પણ કરે છે. પણ તેમાં હેરાસમેન્ટ નથી. આમ સેક્સુઅલ હેરસમેન્ટનો વિષય આંતરરાષ્ટ્રિય બન્યો છે. "ધ નેશન" નામનું અમેરિકન મેગેઝિન કહે છે કે, જગતમાં દરેક ૧ મિનિટે એક રેપ થાય છે.

કર્મચારી કે એક વ્યક્તિ તરીકે સ્ત્રીની ભૂમિકાનું અવમુલ્યન થાય છે. એક બાજુ કાયદો સ્ત્રીઓને અધિકારો આપે છે, જ્યારે બીજી બાજુ સ્ત્રી શોષણનાં ગુનાઓ અવિરત વધે જ જાય છે. સામાન્ય રીતે જ્યારે સ્ત્રીઓનાં શોષણની કે તેમની ઉપર થઇ રહેલા અત્યાચારોની વાત કરવામાં આવે છે ત્યારે મોટે ભાગે તેમાં શારિરીક કે માનસિક ત્રાસની વાતો જ ચર્ચાય છે. ખૂબ ઓછા લોકો સ્ત્રીઓને વેઠવા પડતા ત્રીજા પ્રકારનાં ત્રાસ વિશે ચર્ચા કરતાં હોય છે. આ ત્રાસને જાતીય ત્રાસ કે જાતીય સતામણી કહી શકાય. સતામણી એક સ્વાભાવિક બાબત છે એમ માનવામાં આવે છે. આજે સ્ત્રી ઘરની ચાર દિવાલોમાં પુરાઇને રહેતી નથી, રહેવુ શક્ય પણ નથી. જીવનનિર્વાહ, કુટુંબનું ગુજરાન, શિક્ષણ

મેળવવા કે પોતાની કારકિર્તી માટે કે કોઇ પણ કારણે બહાર નીકળવું જ અનિવાર્ય બન્યુ છે. જાતીય સતામણી સ્ત્રીઓની સામાજિક ગતિ શીલતા પર સીધો પ્રહાર કરે છે.

જાતિય સતામણીનો ભોગ થનાર સ્ત્રી માટે નોકરી છોડી દેવાનો વિકલ્પ બાકી રહે છે. એક સંશોધન મુજબ ભોગ બનેલ ૪૦ ટકાથી ઉપર સ્ત્રીઓએ રાજીનામુ આપેલ છે. ૩૦ ટકા કરતા વધુ વિદ્યાર્થીનીઓ અભ્યાસ છોડી દે છે.

## ૨. જાતીય સતામણીનાં કિસ્સાઓ વધવાનું કારણઃ

- અનિવાર્ય સંજોગો તરીકે સ્વીકારેલ મુખ્ય કારણ છે કે સ્ત્રી દ્વારા પ્રતિરોધ કરાતો નથી, સ્ત્રી ઘરરખ્ખુ, મીતભાષી, નમ્ર, આજ્ઞાકારી અને આધિન રહેવી જોઇએ અને મુંગા મોઢે સહી લેતી જોવા મળે છે, જેના લીધે પુરુષ નીડર બને છે અને આ સતામણી વારંવાર કરતો જોવા મળે છે.
- બીજુ કારણ એ છે કે પરુષનું જાતિય સતામણી માટે અલગ માપદંડ. એક જ પુરુષ એક જ આચરણ પોતાની બેન કે પત્ની માટે અભદ્ર, અશ્લિલ ગણશે અને એ જ આચરણ પોતાની અધિનસ્થ કે સહકર્મચારી સ્ત્રીઓની બાબતમાં સાધારણ મજા કે વિનોદ કે પછી આધુનિકતા નાં રૂપમાં લઇ લે છે.

## ૩. શું જાતિય સતામણી એ માત્ર સામાજિક સમસ્યા છે કે બીજું કાંઇ પણ ?

સમાજશાસ્ત્રી એને માત્ર સામાજિક સમસ્યા માને છે જ્યારે મનોવૈજ્ઞાનિક તેને વ્યક્તિનાં મનોવિકારનું પરિણામ માને છે. ટૂંકમાં જાતિય સતામણી સામાજિક સમસ્યા પણ છે. અને સાથેસાથે મનોવૈજ્ઞાનિક સમસ્યા પણ છે. જો આ સમસ્યાને દૈહિક મનોસામાજિક સમસ્યા કહીશું તો યોગ્ય ગણાશે.

૩૦ દેશોમાં જાતીય સતામણી અંગેના કાયદા *છે. ભારત દેશમાં સેક્સુઅલ હેરેસમેન્ટ બિલ, ૨૦૦૪માં પસાર થયુ જેની કલમ ૨(૦) માં જાતીય સતામણીની વ્યાખ્યા આપેલી છે. અને આ અંગે સુપ્રિમકોર્ટનો સીમાચિહ્ન ચુકાદો વિશાખા વિ સ્ટેટ ઓફ રાજસ્થાનનાં કેસમાં સુપ્રિમ કોર્ટે તેની વ્યાખ્યા કરી અને આ અંગે કેટલાક માર્ગદર્શક સિધ્ધાંતો આપ્યા અને ઠરાવ્યુ કે જ્યાં સુધી સાંસદ કાયદો ઘડે નહીં ત્યાં સુધી આ સિધ્ધાંતોને* અનુસરવા. ત્યાર બાદ વર્ષ ૨૦૧૩માં સ્ત્રીઓની કામકાજનાં સ્થળે જાતીય સતામણી (નિયંત્રણ, નિષેધ અને નિવારણ) અધિનીયમ અમલમાં આવેલ છે, જે મુજબ...

જાતીય સતામણી એટલે –

એવું વણજોઇતું કે અસ્વીકાર્ય જાતીયતા તરફ તકાયેલુ પ્રત્યક્ષ કે ગર્ભિત રીતનું વર્તન કે જેમાં,

- શારિરીક સંપર્ક કે તેનો પ્રયત્ન, (જાણી જોઇને હાથ અડાડવો કે ખેંચવો)
- જાતીય સંબંધ માટે દબાણ કરવુ કે કહેવુ – જેમ કે, અધિકારી દ્વારા પ્રમોશન માટે ઘરે આવવાની વાત કહેવી.
- અશ્લિલ રીતે કંઇ કહેવુ, (કોઇનાં કપડાં બોલવા, ચાલવાની રીત પર વ્યંગ કરવો)
- અશ્લિલ ચિત્રો દર્શાવવા (પોર્નોગ્રાફી)
- અન્ય ન શોભે તેવો શારિરીક, મૌખિક કે બિનમૌખિક વ્યવહાર કરવો, જેમ કે – અશ્લિલ ઇશારા વગેરે..

આ વ્યાખ્યા ન્યાયિક સક્રિયતાનાં ભાગરૂપે ન્યાયતંત્ર (સુપ્રિમ કોર્ટે) અને ૨૦૧૩માં નવા આવેલ જાતીય સતામણી પ્રતિબંધક અધિનિયમ મુજબની છે.તદ્ઉપરાંત આઇપીસી કલમ - ૨૯૪ મુજબ... "જે કોઇ વ્યક્તિ બીજાને ત્રાસ થાય તે રીતે જાહેર સ્થળે અશ્લિલ કૃત્ય કરે, જાહેર સ્થળે અશ્લિલ ગીત ગાય, કાવ્યો સંભળાવે કે શબ્દો ઉચ્ચારે તેને ૩ માસની કેદ દંડ ની સજાની જોગવાઇ છે.

આ કલમમાં અશ્લિલ શબ્દની કોઇ વ્યાખ્યા કરેલ નથી. પરંતુ વાસનાપૂર્ણ ઇચ્છાઓ જાગૃત કરી ભ્રષ્ટ કરવાનું વલણ હતુ કે નહીં તે અશ્લિલતાની કસોટી છે. જેનાથી સાંભળનાર કે ફરિયાદીનું મન વિચલિત કે ભ્રષ્ટ થયુ હોવું જોઇએ.

## ૪. ન્યાયિક સક્રિયતા

- એપરેલ એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ વી એ. કે. ચોપરા (૧૯૯૯, સુપ્રિમ કોર્ટ ૭૫૯): એ. કે ચોપરાને કાઉન્સિલની એક સ્ત્રીનોકરને પજવવાનાં પ્રયત્ન માટે નોકરીમાંથી દૂર કરવામાં આવ્યો હતો. ચોપરા કાઉન્સિલનાં ચેરમેનનો પ્રાઇવેટ સેક્રેટરી હતો. તે તેના હાથ નીચેની મહિલા ટાઇપિસ્ટને દબાણ કરી તાજ હોટલમાં, જ્યાં તેનો ચેરમેન રહેતો હતો, ત્યાં લઇ ગયો અને હોટલનાં ભોંયરામાં તેણી પાસે ટાઇપ કરવાનાં બહાને તેણીને એની વાંધાજનક વર્તણૂંકથી સતામણી અને પજવણી કરના માંડી. એકાંતનો લાભ લઇ તેણે ટાઇપીસ્ટની લગોલગ બેસવાનો વારંવાર પ્રયત્ન કર્યો. ટાઇપીસ્ટે લિફ્ટનું ઇમરજન્સી બટન દાબીને પોતાની જાતને સલામત રાખી. બાદમાં તેણીએ ડિરેક્ટરને લેખિત ફરિયાદ કરી અને ચોપરાને નૈતિક નિયમોની વિરુદ્ધ જઇ ટાઇપીસ્ટ સંબંધમાં કરેલ અશિષ્ટ અને સભ્યતા વિરુદ્ધનાં કાર્યો માટે નોકરીમાંથી દૂર કરવામાં આવ્યો. ઝોણે રીટ કરી અને તેને નોકરીમાં પાછો લેવાનો આદેશ હાઇકોર્ટે કર્યો. એમ્પ્લોયરે તે સામે લેટર્સ પેટન્ટ અપીલ કરી, જે રદ થઇ પરિણામે એમ્પ્લોયરે

સુપ્રિમમાં સ્પેશ્યિલ લીવ પીટીશન કરતાં સુપ્રિમ કોર્ટે તેને કરેલી સજા મંજૂર રાખી હાઇકોર્ટમાં આદેશને રદ્દ કર્યો. – વિશાખા કેસને ધ્યાનમાં લેવામાં આવ્યો.

- પંજાબમાં ત્રાસવાદ નાથવામાં સફળતા મેળવનાર અને સુપરકોપ તરીકે બિરૂદ પામેલા કે.પી.એસ. ગીલને સુપ્રિમકોર્ટે રૂપન દેઓલ બજાજની છેડતી બદલ સજા કરાવી. આ કેસ ૧૭ વર્ષ સુધી ચાલ્યો, જેમાં બંને ઉચ્ચ કક્ષાનાં સરકારી અધિકારી હતાં અને બંનેને કુટુંબનો ટેકો મળ્યો હતો. પરંતુ નિતંબ પર ટપલી મારવાનો કેસ ૧૭ વર્ષ ચાલે તેની પાછળ સમય તેમજ પૈસાનું પાણ થાય તે સામાન્ય કર્મચારી સહન કરે ખરો. ( જુલાઇ ૧૯૮૮ – અઢી લાખનું વળતર, સજા કરી પણ અપીલમાં વળતર મંજુર થયુ)

- રાજશ્રી વાઘહરે - પ્રોબેશન પર હતા ત્યારે એસ.ડી. મારે એ તેમને કારમાં ખેંચીને બીજી ઓફિસે લઇ જઇ છ વાગ્યા સુધી બેસાડી રાખ્યા. ઘરે જવાની રજુઆત કરી તો ખભો પકડી બેસાડીને કલેક્ટર કહે એ કરવુ – જો અન્ય મહિલા અધિકારી હોત તો શરણે આવી જાત, તું કેમ રડ્યા કરે છે – દસ વર્ષ લડ્યા બાદ મુંબઇની હાઇકોર્ટે ખરેને છ વર્ષની કેદ અને ૨૫૦૦૦ દંડ કર્યો.

- અમેરિકાનાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ (બિલ ક્લિંટન)ની સામે પણ જાતીય સતામણી અંગે અદાલતમાં કાર્યવાહી થઇ, જે અમેરિકાનાં ઇતિહાસમાં પહેલી જ વાર બન્યુ. કે જેમાં રાષ્ટ્રપતિને અદાલતમાં હાજર થવુ પડ્યુ. આ કિસ્સો ત્યારે બનેલો કે જ્યારે તેઓ એક્સાસનાં ગવર્નર હતા. ત્યારે પાઉલા કોર્બિન મેન્સ શ્રી ક્લિંટનની સરકારી કર્મચારી હતી. તે સમયે બિલ ક્લિંટને તેની જાતીય સતામણી કરી હતી. જેમાં એક હોટલમાં ક્લિંટને તેનાં કપડાં ઉતારવા કહ્યુ હતુ. ૧૮-૦૧-૯૮ એ તેની સુનવણી થઇ હતી. મોનિકા લેવિંસકીની બાબતમાં પણ તેઓને જાહેરમાં માફી માંગવી પડી હતી.

આમ છતાં સ્ત્રીઓ પર આ રીતેનાં અત્યાચાર વધી રહ્યા છે. દિલ્હીમાં થયેલ નિર્ભયા ગેંગ રેપ અને બદાયુની દુર્ઘટના એ તો પૂરા સમાજને જાણે હચમચાવી મૂકેલ છે. તાજેતરમાં જ ભારતમાં કલકત્તા પાસેનાં રાંનગટ ગામની કોન્વેન્ટ સ્કૂલનાં ૭૩ વર્ષની નન પર ગેંગ રેપ થયેલ જે સમાજ માટે પણ એક કલંકરૂપ ઘટનાં છે.

આ બધી ઘટનાઓથી કાયદાઓમાં પણ સુધારા કરવામાં આવેલ છે. જેમ કે…

ફેક્ટરી એક્ટમાં આધુનિક સુધારા મુજબ - સ્ત્રીઓ ત્રીજી પાળીમાં કામ કરશે. આ સુધારો કરતા માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી જયપાલ રેડીએ જણાવ્યુ કે સ્ત્રીઓ હવે કોઇ પણ જગ્યાએ રાત્રી પાળી એટલે કે રાતનં ૧૨ થી સવારનાં ૭ સુધી કાર્ય કરી શકશે, શરત એ રહેશે કે આ ફરજ બજાવતી સ્ત્રી કર્મચારીની સલામતી, સ્વાભિમાન અને માન જેવા હિતોનં રક્ષણ તે ફેક્ટરી, કંપની કે સંસ્થા દ્વારા થવુ જરૂરી છે.

અત્યાર સુધી ડોક્ટર, નર્સ અને આયાઓ તેમજ એરહોસ્ટેસ જેવી સ્ત્રી કર્મચારી રાત્રિ ફરજ બજાવતી પરંતુ હાલની પરિસ્થિતી બદલાઇ છે. સ્ત્રીની દરેક વ્યવસાયિ ક્ષેત્રમાં રાત્રિ ફરજમાં હાજરી જોવા મળે છે. માર્કેટિંગ, શેરબજાર, આઇટી પ્રોફેશનલ્સ, મહિલા પાયલોટ, ફેક્ટરીમાં કામ કરતી એન્જિનિયર, ટી.વી.,આકાશવાણી અને પોલીસ મહિલાઓ આ તમામને કાયદાનાં આ સુધારાથી કારકિર્દી બનાવવાનું પ્રોત્સાહન મળ્યુ છે.

યુનાઇટેડ નેશનનાં ચાર્ટરનાં આમુખમાં (૨૪ ઓક્ટો, ૧૯૪૫) મેન્શન કરેલુ છે કે,

*"To reaffirm the faith In fundamental human rights, is the dignity and worth of the human person, in the equal rights of men and women and to employ international machinery for the promotion of the economic and social advancement of the people."*

ભારતનાં બંધારણ અને બીજા કાયદાઓમાં સમયાંતરે સુધારા થતાં રહ્યા છે. જેમાં કાઇ પણ નાગરિકને ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લિંગનાં ભેદભાવવિના સમાન દરજ્જો અને તક આપવામાં આવે છે. તેમજ સુપ્રિમ કોર્ટે પણ વખતો વખત સીમાચિન્હ રૂપ ચુકાદાઓ આપેલ છે. કાયદાઓની અછત નથી, પરંતુ પ્રશ્ન છે સામાજીક સંવેદનશીલતાનો. દર વખતે નવા કાયદાઓ ઘડવા એ ઇલાજ નથી પરંતુ સમાજની માનસીકતા બદલાવી એ પણ એટલુ જ જરૂરી છે. સ્ત્રીઓની એક વ્યક્તિ તરીકેની ગણતરી કરવામાં આવશે તો જ આ રીતનાં દુષણો અટકશે.

*2015, RHIMRJ, All Rights Reserved*